રમેશ ઠક્કર

નમસ્કાર ગાંધીનગર

પમરાટ

દર્દ જેવાં લશ્કરો પણ હોય છે,
સ્મિત જેવાં બક્તરો પણ હોય છે.

આંખમાં ખૂંપે અને અશ્રુ વહે,
દંશ જેવાં ખંજરો પણ હોય છે.

જો, હૃદય તો એક ઠોકરમાં તૂટ્યું,
સાવ પોચા પથ્થરો પણ હોય છે.

આંખ ઊઘડે ને ફરી રસ્તા ઉપર!
સ્વપ્નમાં તો ઉંબરો પણ હોય છે.

શક્ય છે મૃત્યુ પછી મળવું 'મધુ',
રૂહ માટે ખરખરો પણ હોય છે.

મધુસૂદન પટેલ 'મધુ'

પાથેય

સાવ પોચા પથ્થરો

જીવન આમ તો જંગ જ છે.એમાં સતત યુદ્ધો ચાલતાં જ રહે છે.ક્યારેક કાચ સામે ક્યારેક સાચ સામે.ક્યારેક પારકાં સામે મોરચો મંડાય,તો ક્યારેક જેને પોતાના માન્યાં હોય એની સામે તલવારો ખેંચવી પડે છે !આ અનિવાર્યતા જીવનનો સ્વભાવ છે.અહીં સતત લડતા રહેવું પડે છે.બહાર ની દુનિયાના સતત સંઘર્ષો આપણે જોઈ શકીએ છીએ.પરંતુ માણસની ભીતર જે ભેદભરમ હોય છે એ પણ સમજવા જેવા હોય છે.દર્દનાં લશ્કરો બંને તરફ દળકટક બનીને ઉભાં હોય છે.એની સામે સ્મિતની ઢાલ પણ અડીખમ હોય છે.અસત્યો પારાવાર હોઈ શકે,એની સામે સ્મિત રૂપી સત્ય સતત સંઘર્ષ પણ કરતું રહે છે.શસ્ત્રો કે ખંજરો જ માણસને ઘાયલ કરી શકે એવું નથી હોતું.કેટલીક વાર બહારનાં દ્રશ્યો કે બનાવો પણ લોહીલુહાણ કરી જતાં હોય છે.માણસના શરીર ઉપર પડેલા ઘાવ દેખાય છે.પરંતુ કેટલાક જખમો એવા હોય છે જે ઊંડે સુધી છુપાઈને ડસતા રહે છે.

આપણે જેને સામાન્ય શબ્દો માનતા હોઈએ એવા શબ્દો ક્યારેક કટારી જેવું કામ કરી જાય છે.બહારથી કઠોર અને પથ્થર જેવા દેખાતા લોકો ભીતરથી સાવ પોલા કે મુલાયમ પણ હોઈ શકે.વિશ્વ વિરોધાભાસોથી ભરેલું છે..રણમાં મીઠી વીરડી મળી જાય તો.વનમાં ટહૂકાની તરસ અનુભવાય.

જેને પોતીકું માની વહાલ કરતા રહીએ. સુખદુઃખના સાથી માની જીવતા રહીએ એવાં સ્વજન તરફથી સંતાપ મળે.કયારેક ના ધાર્યું હોય એવા

અજાણ્યા લોકો થકી અવતાર તરી જવાય.ફૂલડાં કદીક ડૂબી જતાં જોવા મળે તો પથ્થરો મોજથી તરતા જોવા મળે !' મને એ જ સમજાતું નથી કે આવું શાને થાય છે?'આવો કવિપ્રશ્ન સહુ કોઈને થાય એ પણ? સ્વાભાવિક છે. આવું જગતમાં અન્યત્ર પણ જોવા મળે છે.લીમડામાં એક ડાળ મીઠી કે,વેરાન મરુભૂમિમાં મીઠી વીરડીનું અસ્તિત્વ એ સહજ જોવા મળતાં આશ્ચર્ય છે.કોઇ પુરાણા ખંડેરોમાં નિરક્ષર કારીગરોની બેનમૂન કલાકારીગરી જોઈએ ત્યારે આજના વિજ્ઞાનને એણે કઈ રીતે આત્મસાત કર્યું હશે ? એવો અહોભાવ સહજ થાય...લાખ પ્રયાસો છતાં ધનવાનોનાં સંતાનો ભણી ના શકે..અને કોઇ એકલખૂણે જાહેર લાઇટના ઊજાસે રંકની તેજસ્વીતા ખીલી ઉઠે.જાહેર રસ્તા ઉપર રંગબેરંગી સજાવટ સાથે ફૂગ્ગા વેચતા ફેરિયાનો જીવનરસ શામાંથી ટપકતો હશે ? અને અનેકવિધ વૈભવમાં રાચતો માણસ બોર કેમ થઇ જતો હશે..? આ બધા પ્રશ્નો અનુત્તર જ રહી જાય છે.જિંદગી એ કોઈ ગણિત કે ભૂમિતિ નથી...જેનો કોઇ ચોકકસ નિયમ હોય...એ તો આપમેળે જ લીલીછમ હોય..કે સહજપણે જ સૂકી હોય ! વિરોધાભાસો સારા અને નરસા હોય છે..પરંતુ એ કુદરતના કરિશ્મા જેવા પણ હોય છે..શ્રીફળમાં જળ કે...જલમેં મીનની પ્યાસ એ વળી અજાયબ વિસ્મય છે...વિરોધાભાસના વૈવિધ્ય વચ્ચે વિલસવું એ પણ વિરોધાભાસથી કમ નથી !!

વઢિયારના ગામોની મહિલાઓએ સર્જેલી કૃતિઓ જાપાન જાય છે : જિજ્ઞાબહેન શેઠનો પ્રેરક ગ્રામોત્થાન યજ્ઞ

પહેલું કિરણ
રમેશ તન્ના

ગુજરાતના કોઈ ગામોમાં બનેલી સુશોભનની આકર્ષક કૃતિઓ છેક જાપાન જાય તેવું બને ? એવું બન્યું છે. શંખેશ્વરમાં જિજ્ઞાબહેન શેઠના નેજા હેઠળ ચાલતા જનમંગલ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ સાથે સંકલાયેલી ગ્રામીણ મહિલાઓ તાલીમ લઈને સુશોભનની વિવિધ કૃતિઓ-નમૂના બનાવે છે અને તે વાયા મુંબઈ છેક જાપાન જાય છે. જાપાન માલ મોકલવો અઘરો છે કારણ કે તેઓ ગુણવત્તાના જબરજસ્ત આગ્રહી હોય છે, પણ જિજ્ઞાબહેન શેઠ પણ ગાંજ્યાં જાય એવાં નથી. તેમણે વઢિયારની બહેનોને એવી તૈયાર કરી છે કે જાપાનીઓ પણ હોંશે હોંશે આ કૃતિઓ સ્વીકારે છે.

યાત્રાધામ શંખેશ્વરમાં જિજ્ઞાબહેન શેઠ દ્વારા ગ્રામજનોના ઉત્કર્ષ માટે વિવિધ મોરચે નમૂનેદાર કાર્ય થઈ રહ્યું છે. ગુજરાતના મહત્ત્વનાં યાત્રાધામોમાં શંખેશ્વરનો સમાવેશ થાય છે. આખા વિશ્વમાંથી અહીં ભગવાન પાર્શ્વનાથ દાદાનાં દર્શન કરવા માટે જૈનો ઉપરાંત બિનજૈનો પણ મોટી સંખ્યામાં આવે છે. આ

આ શંખેશ્વરમાં ચાલીસેક વર્ષનાં જિજ્ઞાબહેન શેઠ દ્વારા ગ્રામીણ વિકાસનું જે કામ છેલ્લા બે દાયકાથી થઈ રહ્યું છે તેની બહુ ઓછા લોકોને ખબર હશે. જિજ્ઞાબહેન શેઠ શંખેશ્વર ગામનાં જ છે. સેવાના સંસ્કાર તેમને વારસામાં માતા-પિતા પાસેથી મળ્યા છે. લગ્ન કર્યા પછીપણ તેઓ શિક્ષક પતિ અને પુત્ર સાથે શંખેશ્વરમાં જ રહે છે. જનમંગલ સેવા ચેરીટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ તેમણે ગામડાંઓના કિશોરો અને યુવાનો તથા ખાસ કરીને બહેનો માટે ઘણાં સેવાકાર્યો કર્યાં છે. રણમાં મીઠું પકવતા અગરિયાઓના ઉત્કર્ષ માટે પણ તેઓ વર્ષોથી નોંધપાત્ર કામ કરી રહ્યાં છે. તમે જ્યારે તેમને શંખેશ્વરની તેમની ઑફિસમાં મળો છો ત્યારે તેઓ અત્યંત નમ્રતા સાથે તમને આવકારે છે. તમારી સાથે વાતચીત કરતાં હોય એ દરમિયાન પણ સતત તેમની સંસ્થાનું કામ ચાલું જ હોય. તેમના ઑફિસના લોકો કશુંક પૂછવા, આપવા કે કહેવા આવે તો સાથે સાથે લાભાર્થીઓ પણ આવતા હોય. અમે બેઠા હતા ત્યારે પણ ઘણા લાભાર્થીઓ આવ્યા હતા. દરેકને શાંતિથી સાંભળીને પૂર્ણ સંતોષ થાય તેવા જવાબ આપે.

ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વિવિધ પ્રકારના ક્લાસીસ પણ ચાલે છે. જેમ કે બહેનો આત્મનિર્ભર થાય તે માટે સિવણ ક્લાસ ચાલી રહ્યા છે. આ સિવણ ક્લાસમાં શંખેશ્વર તથા આજુબાજુનાં ૩૬ ગામોની બહેનો લાભ લે છે. બહેનો ક્લાસ કરી લે પછી તેમને પ્રમાણપત્ર સાથે તેઓ રોજગારી શરૂ કરી શકે એ માટે સીવણ માટેનું મશીન પણ ભેટ અપાય છે. અનેક બહેનોએ આ રીતે તાલીમ લઈને ઘરે બેસીને રોજગારી મેળવી છે. આ યોજનામાં જિજ્ઞાબહેનને આદિજિન યુવક ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી જયેશભાઈ તથા અન્ય ટ્રસ્ટીઓનો ટેકો મળે છે. અત્યાર સુધી જનમંગલ સેવા ચેરિટેબલ ટ્રસ્ટે ૨૦,૦૦૦ થી વધારે યુવાનોને કમ્પ્યૂટર શીખવાની તારી આપી છે. ખરેખર આ એક વિક્રમ કહી શકાય તેવી બાબત છે. મુંબઈ, અમદાવાદ, સૂરત, વડોદરા જેવાં મોટાં શહેરોમાં તો કમ્પ્યુટર એક સહજ બાબત બની ગઈ છે, પણ ગામોમાં તો સ્થિતિ જુદી જ છે. આર્થિક રીતે ઘરને ટકાવી રાખવાનાં ફાંફાં હોય ત્યાં ગરીબ લોકો પોતાના સંતાનોને કમ્પ્યૂટર કેવી રીતે શીખવે? આ એક મોટો પ્રશ્ન છે, પરંતુ શંખેશ્વર અને આજુબાજુનાં લગભગ ૫૦થી વધારે ગામોમાં તો જિજ્ઞાબહેન શેઠે અંગત રસ લઈને આ સમસ્યાનો ઉકેલ લાવી દીધો છે.

જિજ્ઞાબહેન શેઠને આપણે જોઈએ તો લાગે કે આ તો કેટલાં બધાં નાનાં છે, પણ એમની ભાવનાઓ ઘણી ઊંચી છે. તેઓ શંખેશ્વર તાલુકાના રણકાંઠા વિસ્તારમાં આવેલી શાળાઓમાં પણ વર્ષોથી બાળકોની જરૂરિયાત હોય એવી સ્કૂલબેગ અને અન્ય ચીજવસ્તુઓ ભેટ આપે છે. આ ઉપરાંત તેઓ અગરિયાઓને પાણી ભરવા માટે ટાંકીઓ, કપડાં, દવાઓ આપે છે.

હમણાં તેમણે શંખેશ્વરને લીલુંછમ કરવા માટેનું કામ હાથ પર લીધું છે. શંખેશ્વર ગામના ઉર્જાવાન અને પરગજુ સરપંચ દશરથભાઈ ગઢવીના સહયોગમાં તેમણે એક કરોડથી પણ વધારે રૂપિયાનો પર્યાવરણનો વિશેષ પ્રોજેક્ટ અમલમાં મૂક્યો છે. થોડાં વર્ષોમાં તો તમે શંખેશ્વર જાઓ તો આજુબાજુ વૃક્ષો જોવા મળે એવું બનશે. જિજ્ઞાબહેન શેઠ એકદમ જમીન સાથે જોડાયેલાં છે, સંવેદનશીલ વ્યક્તિ છે, તેઓ કહે છે કે ઈશ્વરે આ બધું કરવાની પ્રેરણા આપી છે એટલે હું કરું છું.

વઢીયાર પંથક પછાત ગણવામાં આવે છે. અહીં શિક્ષણ અને રોજગારીના પ્રશ્નો છે. મોટાભાગે ખેતી અને પશુપાલન પર લોકો નિર્ભર છે અને એ સિવાય આજીવિકાનું કોઈ સાધન નથી. ઘણા બધા પ્રશ્નો છે. જેમ કે હજી ઘણા રિવાજો એવા છે જેમાં ખોટા દેખાડા કરવાની હોડમાં લોકો માસિક ૫ થી ૧૦% ના દરે વ્યાજ લઈને ખોટા ખર્ચા કરે છે તો આ બધામાં સુધારો કેવી રીતે આવે એ માટે પણ જિજ્ઞાબહેન શેઠ મથી રહ્યા છે. ખેતીવાડીમાં કઈ રીતે પ્રગતિ થાય, પ્રાકૃતિક ખેતીના પ્રસાર માટે પણ તેઓ મથી રહ્યાં છે. જનમંગલ ટ્રસ્ટ દ્વારા રોજગારલક્ષી કાર્યક્રમો યોજાય છે. સરકારની વિવિધ યોજનાઓનો સીધો લાભ મળે એ માટે સરકારના જુદા જુદા વિભાગો સાથે સંકલન કરવામાં આવે છે, શૈક્ષણિક કાર્યક્રમો નિયમિત રીતે યોજાય છે, સેવાકીય પ્રવૃતિઓ પણ કરાય છે. શંખેશ્વર ઉપરાંત સમી, રાધનપુર, સાંતલપુર, હારીજ, ચાણસ્મા, પાટણ, સરસ્વતી અને સિદ્ધપુર એમ તમામ તાલુકાઓમાં તેનો લાભ મળે તે માટે પ્રયત્ન કરવામાં આવે છે. યુવા વિકાસ યોજના પણ આ સંસ્તા દ્વારા ચલાવવામાં આવે છે. રોજગારી અને સિદ્ધપુર એમ તમામ તાલુકાઓમાં તેનો લાભ મળે તે માટે પ્રયત્ન કરવામાં આવે છે. યુવા વિકાસ યોજના પણ આ સંસ્તા દ્વારા ચલાવવામાં આવે છે. રોજગારી અને કારકિર્દી માટે યુવાનોને માર્ગદર્શન આપીને કઈ રીતે નોકરી મળે તેનો પણ સંસ્થા લાભ આપે છે. શંખેશ્વર ઉપરાંત આજુબાજુનાં ગામોમાં સેવાવસ્તીમાં રહેતાં પરિવારનોને જુદા જુદા તહેવારોએ મીઠાઈ, પતંગ, દોરી, રંગ, પિચકારી અને ફટાકડા પણ આપવામાં આવે છે. શાળાઓમાં નિયમિત રીતે ચોપડા અને પાઠ્યપુસ્તકો અપાય છે. સમજ બદલે તો સમાજ બદલાય એ ન્યાયે જિજ્ઞાબહેન શેઠ કાર્ય કરી રહ્યાં છે.

સર્વાંગી ઉત્થાનનું કાર્ય તો ધીરજ, પ્રેમ, નિસબત અને સાતત્યથી જ થાય. જિજ્ઞાબહેન શેઠ આ રીતે જ આ વિસ્તારમાં કાર્ય કરી રહ્યાં છે.

થયો અજવાસ ઝાંખો સ્હેજ ! ધીરજ સાચવી રાખો ! હવે ઝળહળ થશે સાચ્ચે જ!

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

ક્ષણિક સુખના અનુભવની વાત લંબાવો,
ને એમાં આપણાં ભવભવની વાત લંબાવો !
બધી ય ખાનાખરાબીની વાત ટૂંકાવી,
મળ્યો જીવનમાં તે વૈભવની વાત લંબાવો !
ઉઘાડી નાંખશે સંભાવનાઓ દરવાજા,
ધીરજ ધરો ને અસંભવની વાત લંબાવો !
અનેક દેવી અને દેવતા, મહાપુરુષો,
ટૂંકાવો વાત ને માનવની વાત લંબાવો !

- ભરત વિંગુડા

સાગરકાંઠે એક માણસ બેઠો હતો. એના હાથમાં દર્ભની એક સળી હતી. દર્ભની એ સળી પાણીમાં બોળીને બહાર રેતી પર તે પાણી છંટકારતો હતો. ત્યાં બીજો એક માણસ આવી ચડ્યો. પેલાની આ વિચિત્ર ક્રિયા જોઈ આગંતુકે પૂછ્યું : 'આ શું કરો છો ?'

'દરિયો ખાલી કરું છું.' પેલા માણસે શાંતિથી જવાબ આપ્યો.

'હે!' આગંતુકે આશ્ચર્યથી કહ્યું : 'તમે આ રીતે દરિયો કેવી રીતે ખાલી કરી શકશો ?'

'કેમ કેવી રીતે ?' પેલાએ જવાબ આપ્યો; 'સળીથી જેટલું પાણી બહાર છંટકારાય છે, એટલું દરિયામાંથી ઓછું

તો થશે ને ? એટલે ઓછું થાય છે તો ધીમે ધીમે બધું જ ખલાસ થઈ જશે.'

ધીરજ અને આત્મશ્રદ્ધાનું આ કેવું આદર્શ ઉદાહરણ છે! તમે હાથમાં લીધેલું કામ ગમે તેટલું મોટું હોય અને તમારી પાસેનું સાધન ગમે તેટલું નાચીજ હોય, તોપણ તમારી પાસે ધીરજ અને આત્મશ્રદ્ધા હશે તો એ કામ અવશ્ય પાર પડશે.

જેના સામ્રાજયનો સૂર્ય કદી આથમતો નહોતો એવ બ્રિટીશ સલ્તનતમાં કેટલી મોટી તાકાત હતી? એની પાસે માથું ઊંચકવા માટે ગાંધીજી પાસે કયું મોટું સાધન હતું ? એમની પાસે માત્ર અહિંસાનું એક હથિયાર હતું. છતાં એ નાનકડા માનવીએ ધીરજ અને આત્મશ્રદ્ધાથી એટલી મોટી સલ્તનતને હરાવી અને ભારતને સ્વરાજય અપાવ્યું. ગાંધીજી કોઈ દૈવી પુરુષ નહોતા; આપણા જેવા હાડચામના બનેલા માનવી હતા. એમનાથી જે થઈ શક્યું, એ આપણાથી પણ કેમ ના થઈ શકે?

ટ્રકનાં ફળ મીઠાં અને ભાવે આમાં ના પા? એ કહેવત આખી જના અનુભવો વિશે છે. આંબાની કેરી જેવું સ્વાદિષ્ટ ફળ પ્રાપ્ત કરવું હોય તો ગોટલો વાવ્યા પછી કેટલાં વર્ષો સુધી ધીરજ રાખવી પડે છે ? એમ સિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તો 'રોમ એક દિવસમાં બંધાયું નહોતું.' એ ધ્યાનમાં રાખી સતત મથ્યાં કરવું જોઈએ.

ધીરજ સાથે પુરુષાર્થ અને આત્મશ્રદ્ધા સંકળાયેલા છે. એકલી ધીરજ તો કશું ફળ આપી શકે નહિં, આરંભમાં આપેલા દષ્ટાંતનો નાયક દર્ભની સળીથી સતત પાણી બહાર કાઢી રહ્યો છે, અદબપલાંઠી વાળીને બેસી રહ્યો નથી. તમે કરવા ધારેલું કામ ઘણું મોટું છે, એ જોઈને જ તમે હારી જાઓ તો કદી સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે નહિ. કામ મોટું છે, તો તમારી આત્મશ્રદ્ધા પણ કયાં નાની છે ? તમારી ધીરજ રાખવાની શક્તિને પણ કયાં મર્યાદા છે ? નેપોલિયન બોનાપાર્ટ સામે આખું યુરોપ ખડું થઈ ગઈ હતું. પણ એની આત્મશ્રદ્ધા હિમાલય જેવડી અડગ હતી. 'મારા શબ્દકોશમાં અશક્ય જેવો કોઈ શબ્દ નથી!' એમ કહીને એણે જે અપૂર્વ આત્મશ્રદ્ધાથી અને વિરલ ધીરજથી પોતાની સામેના પડકારને ઝીલી લીધો એનો ઈતિહાસમાં કોઈ જોટો નથી. હિમાલયની ટોચ પર પહોંચવું તે કેટલું કપરું કામ છે? હિલેરી અને તેનસિંગે એ કપરું કામ સદેહે પૂરું પાડ્યું. એક એક ડગલું ભરીને એવરેસ્ટ પર પહોંચવાનું હતું. મુશ્કેલીઓનો તો પાર નહોતો. પણ આ બંને સાહસવીરો પાસે ધીરજની ઢાલ અને આત્મશ્રદ્ધાની તલવાર હતી. એથી એમને મુસીબતોને મારી હઠાવી.

આ ધીરજ અને આત્મશ્રદ્ધાનો કોઈ ગાંધી, નેપોલિયન કે તેનસિંગે ઈજારો રાખ્યો નથી. એ બંને તમારી પાસે છે, મારી પાસે છે અને આપણી સૌની પાસે છે; પણ આપણે એને પારખીને વાપરતા નથી, એનો ઉપયોગ કરતા નથી. ગોવર્ધનરામ ત્રિપાઠીની સુપ્રસિદ્ધનવલકથા 'સરસ્વતીચંદ્ર' પૂરી થતાં ૨૦ વર્ષ લાગ્યાં હતાં. એમણે કેટલી ધીરજથી કામ કર્યું હશે ! જગતની સાત અજાયબીઓમાં સ્થાન પામેલા તાજમહાલ તૈયાર થતાં પણ વીસ વર્ષ લાગ્યાં હતા. ચીનની દિવાલ શું રાતોરાત તૈયાર થઈ ગઈ હશે ? દરેક મહાન કાર્ય માણસની ધીરજની કસોટી કરનારું જ હોય છે. કોઈ પણ મહાન કાર્ય ચમત્કારથી થતું નથી. હા, ચાઈમ વાઈઝમેન કહે છે એણ, 'ચમત્કારો પણ કયારેક થાય છે ખરા — પણ તેને માટે માણસને આકરી મહેનત કરવી પડે છે.'

ધીરજ માણસની માનસિક સ્વસ્થતાની સંજ્ઞા છે, એની પરિપક્વતાની નિશાની છે. ધીરજમાં અસહિષ્ણુતા, સ્વસ્થતા અને માનસિક સ્થિરતા છે. એ ઉપરાંત અપૂર્વઆત્મશ્રદ્ધા પણ છે. આમ ધીરજ અનેક સદ્‌ગુણઓની જનેતા છે. કોલોરાડો પ્રદેશમાં જયારે સૌથી પહેલી વખત સોનાની ખાણો નીકળી, ત્યારે આખું અમેરિકા ગાંડુ થઈ ત્યાંની જમીન ખરીદવા લાગ્યું. એક કરોડપતિએ પોતની બધી મૂડી રોકીને એક આખો પહાડ ખરીદી ખોદકામ શરું કર્યું. ખૂબ ખોદકામ કર્યું, પણ સોનું ના મળ્યું. નિરાશ થયેલા શ્રીમંતે આખો પહાડ સાધનો સાથે વેચવા કાઢ્યો. ઘરનાં માણસો કહે, તમારા જેવો ગાંડો કોણ હશે તે ખરીદવા આવશે ? પણ ખરેખર એક ખરીદનારો આવ્યો. વેચાણ થઈ ગયા પછી આ શ્રીમંતે કહ્યું : 'તમે ખરા માણસ છો ! હું બરબાદ થઈને વેચવા નીકળ્યો છું, એ જાણ્યા છતાં તમે ખરીદવા નીકળ્યા છો ?' 'શી ખાતરી કે તમે ખોદ્યું છે એનાથી ઊંડું ખોદતાં સોનું નહિ નીકળે ?' પેલાઓ શ્રદ્ધાથી કહ્યું, અને ખરેખર, એક ફૂટ ઊંડું ખોજતાં જ સોનું મળ્યું. આ નસીબ હતું ? ના, ધીરજ અને આત્મશ્રદ્ધા !

Last Seen :

થયો અજવાસ ઝાંખો સ્હેજ ! ધીરજ સાચવી રાખો !
હવે ઝળહળ થશે સાચ્ચે જ ! ધીરજ સાચવી રાખો.
તમારી ભીતરે છે તેજ,ધીરજ સાચવી રાખો;
કદી એ બ્હાર પણ મળશે જ !
ધીરજ સાચવી રાખો. કહું છું વાત એની એ જ,
ધીરજ સાચવી રાખો! બધું સારું થવાનું છે જ !
ધીરજ સાચવી રાખો. સુરજ સુખનો ઉગે છે બસ!
જરા તકદીર તપવા દો ! કહે છે આંખમાંનો ભેજ,
ધીરજ સાચવી રાખો!
તમે પીધાં જ છે ને ઝાંઝવા પણ ખુબ જલસાથી !
હવે તો છો નદી કાંઠે જ ! ધીરજ સાચવી રાખો.

- ડૉ. મનોજ જોશી 'મન'

- nehalgadhavi101@gmail.com

ઓફિશિયલ સિક્રેટ્સ એક્ટ, ૧૯૨૩

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ઓફિશિયલ સિક્રેટ્સ એક્ટ મુજબ ગુજરાતમાં પ્રથમ વખત તાજેતરમાં સજા કરેલ છે. વિદેશી નાગરિક અથવા દુશ્મન દેશનો નાગરિક ભારતમાં જાસૂસી કરવાના ઈરાદે ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી પ્રતિબંધીત સ્થળનાં ફોટા, વિડીયો, નકશા ઈન્ટરનેટ દ્વારા અપલોડ કરી અન્ય જગ્યાએ મોકલે તો આ એક્ટ મુજબ પગલા ભરવામાં આપે છે.

"પ્રતિબંધિત સ્થળ" નો અર્થ છે- (એ) સંરક્ષણ, શસ્ત્રાગાર, નૌકાદળ, લશ્કરી અથવા વાયુસેનાની સ્થાપના અથવા સ્ટેશનનું કોઈપણ કાર્ય, ખાણ, ખાણ ક્ષેત્ર, શિબિર, જહાજ અથવા એરક્રાફ્ટ જેની સાથે અથવા તેના દ્વારા અથવા તેના વતી કબજે કરેલ હોય, સરકાર, કોઈપણ લશ્કરી ટેલિગ્રાફ અથવા ટેલિફોન જેથી સંબંધિત અથવા કબજો, કોઈપણ વાયરલેસ અથવા સિગ્નલ સ્ટેશન અથવા ઓફિસ જેથી માલિકીનું કેકબજો મેળવેલું હોય અને કોઈપણ ફેક્ટરી, ગોદી અથવા અન્ય જગ્યા માલિકીનું અથવા કબજે કરેલ અને બાંધકામ, સમારકામ, બનાવવા અથવા સંગ્રહ કરવાના હેતુ માટે ઉપયોગમાં લેવાય છે યુદ્ધના યુદ્ધસામગ્રી, અથવા તેને લગતા કોઈપણ સ્કેચ, યોજનાઓ, મોડેલો અથવા દસ્તાવેજો, અથવા યુદ્ધના સમયે ઉપયોગમાં લેવાતી કોઈપણ ધાતુ, તેલ અથવા ખનીજ મેળવવાનો હેતુ; (બી) સરકારની ન હોય તેવી કોઈપણ જગ્યા જ્યાં યુદ્ધનો કોઈ શસ્ત્રાગાર અથવા કોઈપણ સ્કેચ, મોડેલો, યોજનાઓ અથવા તેને લગતા દસ્તાવેજો બનાવવામાં આવે છે, સમારકામ કરવામાં આવે છે, મેળવવામાં આવે છે અથવા સ્ટોર કરવામાં આવે છે સરકાર વતી અથવા અન્યથા વતી કોઈપણ વ્યક્તિ સાથે અથવા તેની સાથે કરાર હેઠળ સરકારનાં સ્થળની ફોટોગ્રાફી કરી વિદેશ મોકલવી અગર દુશ્મન દેશોને પુરી પાડવી, (સી) સરકારના હેતુથી સંબંધિત અથવા ઉપયોગમાં લેવાતી કોઈપણ જગ્યા જે તે સમય માટે છે.

કેન્દ્ર સરકાર દ્વારા અધિકૃત ગેઝેટમાં નોટિફિકેશન દ્વારા જાહેર કરવામાં આવી રહી છે આ અધિનિયમના હેતુઓ માટે પ્રતિબંધિત સ્થળ કે માહિતી ત્યાં, અથવા તેને નુકસાન, દુશ્મન માટે ઉપયોગી થશે, અને જેની નકલ તેના સંદર્ભમાં સૂચના અંગ્રેજીમાં અને સ્થાનિક ભાષામાં ચોંટાડવામાં આવી છે વિસ્તાર, (ડી) કોઈપણ રેલ્વે, માર્ગ, માર્ગ અથવા ચેનલ, અથવા જમીન અથવા પાણી દ્વારા સંચારના અન્ય માધ્યમો (કોઈપણ કામો અથવા માળખાંનો તેનો ભાગ હોય અથવા તેની સાથે જોડાયેલ હોય સહિત) અથવા કોઈપણ સ્થળ સાર્વજનિક પાત્રના હેતુઓ માટે ગેસ, પાણી અથવા વીજળીના કામો અથવા અન્ય કામો માટે વપરાય છે, અથવા કોઈપણ સ્થળ જ્યાં યુદ્ધના કોઈપણ યુદ્ધસામગ્રી અથવા કોઈપણ સ્કેચ, મોડેલો, યોજનાઓ અથવા દસ્તાવેજો સંબંધિત તેના માટે, સરકાર વતી અન્યથા આર્ક બનાવવામાં, સમારકામ અથવા સંગ્રહિત કરવામાં આવે છે, જે છે કેન્દ્ર સરકાર દ્વારા અધિકૃત સૂચના દ્વારા જાહેર કરવામાં આવી રહી છે.

ગેઝેટ, માહિતીના આધારે આ કાયદાના હેતુઓ માટે પ્રતિબંધિત સ્થળ હોવાનું તેના સંદર્ભમાં, અથવા તેના અવરોધનો નાશ, અથવા તેની સાથે દખલગીરી, દુશ્મન માટે ઉપયોગી થશે, અને જેના સંદર્ભમાં સૂચનાની નકલ છે અંગ્રેજીમાં અને વિસ્તારની સ્થાનિક ભાષામાં જોડવામાં આવ્યું છે; (૯) "સ્કેચ" માં કોઈપણ સ્થળ અથવા વસ્તુનું પ્રતિનિધિત્વ કરતી કોઈપણ ફોટોગ્રાફ અથવા અન્ય મોડનો સમાવેશ થાય છે; અને (૧૦) "પોલીસ અધિક્ષક" માં સમાન અથવા ઉચ્ચ કક્ષાના કોઈપણ પોલીસ અધિકારીનો સમાવેશ થાય છે, અને કોઈપણ વ્યક્તિ કે જેના પર પોલીસ અધિક્ષકની સત્તાઓ આ હેતુઓ માટે છે.

જો કોઈ વ્યક્તિ કોઈપણ હેતુ માટે સલામતી માટે હાનિકારક હોય અથવા રાજ્યના હિતનું નુકશાન થાય તેવા કોઈપણ પ્રતિબંધિતની નજીક આવે છે, તપાસે છે, પસાર થાય છે અથવા તેની નજીકમાં છે અથવા પ્રવેશ કરે છે સ્થળ અથવા કોઈપણ સ્કેચ, યોજના, મોડેલ, ઓર્નોટ બનાવે છે જેની ગણતરી અથવા હોઈ શકે છે અથવા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, દુશ્મન માટે ઉપયોગી થવાનો હેતુ છે; અથવા કોઈપણ ગુપ્ત અધિકારી મેળવે છે, એકત્ર કરે છે, રેકોર્ડ કરે છે અથવા પ્રકાશિત કરે છે અથવા અન્ય કોઈ વ્યક્તિ સાથે વાતચીત કરે છે કોડ અથવા પાસ શબ્દ, અથવા કોઈપણ સ્કેચ, યોજના, મોડેલ, લેખ અથવા નોંધ અથવા અન્ય દસ્તાવેજ અથવા માહિતી જે શત્રુ માટે પ્રત્યક્ષ કે આડકતરી રીતે ઉપયોગી હોવાની અથવા હોઈ શકે છે અથવા બનવાના હેતુથી ગણવામાં આવે છે. અથવા જે એવી બાબતથી સંબંધિત છે કે જેના જાહેર કરવાથી સાર્વભૌમત્વ અને અખંડિતતાને અસર થવાની સંભાવના છે. ભારત, રાજ્યની સુરક્ષા અથવા વિદેશી રાજ્યો સાથે મૈત્રીપૂર્ણ સંબંધોનો દુરઉપયોગ કરી આવી વસ્તુઓનું આદાન-પ્રદાન કરે તો તે એક મુદત માટે કેદની સજાને પાત્ર છે જે લંબાવી શકે છે, જ્યાં ગુનો કરવામાં આવ્યો હોય સંરક્ષણ, શસ્ત્રાગાર, નૌકાદળ, લશ્કરી અથવા હવાઈ દળની સ્થાપના અથવા સ્ટેશન, ખાણના કોઈપણ કાર્યના સંબંધમાં, માઈનફિલ્ડ, ફેક્ટરી, ડોકયાર્ડ, કેમ્પ, જહાજ અથવા એરક્રાફ્ટ અથવા અન્યથા નૌકાદળ, સૈન્ય અથવા હવાના સંબંધમાં સરકારની બાબતો અથવા કોઈપણ ગુપ્ત સત્તાવાર કોડના સંબંધમાં, ચૌદ વર્ષ સુધી અને અન્ય કિસ્સાઓમાં ત્રણ વર્ષ સુધી. આરોપી વ્યક્તિ કોઈ ચોક્કસ કૃત્ય માટે દોષિત હતો જે હેતુને પ્રતિકૂળ બતાવવાનું વલણ ધરાવે છે રાજ્યની સલામતી અથવા હિતો માટે અને તેની સામે આવું કોઈ કૃત્ય સાબિત થયું નથી, તેમ છતાં, તે જો કેસના સંજોગો અથવા તેના વર્તન અથવા તેના જાણીતા પાત્ર સાબિત થયા હોય તો, તે દોષિત ઠરે છે એવું લાગે છે કે તેનો હેતુ રાજ્યની સલામતી અથવા હિતોને નુકસાન પહોંચાડતો હેતુ હતો; અને જો કોઈ સ્કેચ, યોજના, મોડેલ, લેખ, નોંધ, દસ્તાવેજ, અથવા કોઈપણ પ્રતિબંધિત સ્થાનને લગતી અથવા ઉપયોગમાં લેવાતી માહિતી, અથવા સંબંધિત આવી જગ્યાએ કોઈપણ વસ્તુ માટે, અથવા કોઈપણ ગુપ્ત સત્તાવાર કોડ અથવા પાસવર્ડ શબ્દ બનાવવામાં આવે છે, મેળવવામાં આવે છે, એકત્રિત કરવામાં આવે છે, કાયદેસર સત્તા હેઠળ કામ કરતી વ્યક્તિ સિવાયની કોઈપણ વ્યક્તિ દ્વારા રેકોર્ડ, પ્રકાશિત અથવા સંચાર અને કેસના સંજોગો અથવા તેના વર્તન અથવા તેના જાણીતા પાત્ર પરથી સાબિત થાય છે કે તેનું હેતુ એ રાજ્યની સલામતી અથવા હિતોને નુકસાન પહોંચાડતો હેતુ હતો, જેમ કે સ્કેચ, યોજના, મોડેલ, લેખ, નોંધ, દસ્તાવેજ, માહિતી, કોડ અથવા પાસવર્ડ શબ્દ બનાવવામાં આવ્યો હોવાનું માનવામાં આવશે, પ્રાપ્ત, ની સલામતી અથવા હિતોને નુકસાન પહોંચાડતા હેતુ માટે એકત્રિત, રેકોર્ડ, પ્રકાશિત કરે ત્યારે આ એક્ટ મુજબ પગલા ભરવામાં આવે છે.

જયારે વિદેશી એજન્ટો સાથેની વાતચીત ચો